## વાત ગાંધીનગરની

ગાંધીનગરના વાતાવરણમાં શુક્રવારનો દિવસ તડકી-છાંયડીવાળો રહ્યો. ક્યારેક ઘેરાયેલા વાદળો તો ક્યારેક ધોમધખતો તડકો અનુભવાયો પરંતુ રાજકીય અને વહીવટી ક્ષેત્રે ગતિવિધિઓથી આખો દિવસ ધમધમાટ રહ્યો.

**કેન્દ્રિય ટીમ મુખ્યમંત્રી બંગલે પહોંચી**

રાજ્યમાં કોરોનાના વધતા જતા કેસ અને સૌથી ઉંચા મૃત્યુદર સંદર્ભે જાત અભ્યાસ માટે આવેલી કેન્દ્રિય ટીમ સાંજે મુખ્યમંત્રીના બંગલે પહોંચી જ્યાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વના મુદ્દાઓની ચર્ચા કરી હતી. મુખ્યમંત્રીએ પણ સીએમ ડેશ બોર્ડમાં વીડિયો વોલના માધ્યમથી સિવિલ હોસ્પિટલની કામગીરીનું નિદર્શન કર્યુ હતુ. અમદાવાદ મહાનગરપાલિકાના અધિકારીઓના જવાબો વિસંગતતાવાળા હતા એવી ફરિયાદ પણ ટીમે બેઠકમાં ચર્ચી હતી.

**સચિવાલયમાં ગ્રાન્ટના મામલે તાકીદ**

ગુજરાત વિધાનસભામાં પસાર થયેલ અંદાજપત્રમાં કરાયેલ જોગવાઈની ગ્રાન્ટ સંબંધિત વિભાગો સુધી ફાળવણીની પ્રક્રિયા લોકડાઉનના કારણે સંપન્ન ન થતા બીલોની ચૂકવણીની ફરિયાદો મુખ્યમંત્રી સુધી પહોંચી હતી. જેના પગલે મુખ્યમંત્રીએ તમામ નાણાંકીય સલાહકારોને અને નાણા વિભાગના અધિકારીઓને ત્રણ દિવસમાં ગ્રાન્ટ ફાળવણીની કામગીરી સંપન્ન કરવા સીધી સૂચના આપી છે. જેના પગલે સંબંધિત અધિકારીઓમાં દોડધામ વધી ગઈ છે.

**કેન્દ્રિય મંત્રીઓની સીધી સૂચના સંદર્ભે ચર્ચા**

છેલ્લા બે-ત્રણ દિવસમાં રાજ્યના ઉચ્ચ અધિકારીઓ પર કેન્દ્રિય મંત્રીઓની સીધી સૂચનાઓ આવતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. સાણંદની આગ હોય કે ચીનથી આયાત થયેલી ટેબ્લેટ જેવા સંવેદનશીલ મુદ્દા પર કેન્દ્રિય ગૃહમંત્રી અને નાણામંત્રી મુખ્ય સચિવ કે મુખ્યમંત્રીના બદલે સંબંધિત અધિકારીઓને સીધી સૂચનાઓએ આપતા ચર્ચાઓ જાગી છે.

**કમલમમાં આજે પ્રવેશોત્સવ**

રાજયસભાની ચૂંટણીના પગલે કોંગ્રેસમાંથી અને વિધાનસભામાંથી રાજીનામુ આપનાર પૂર્વ ધારાસભ્ય શનિવારે વિધિવત કેસરીયો ધારણ કરશે. આ ઔપચારિકતા સંપન્ન થયા બાદ પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાશે અને જેમને જેમને ટીકીટ આપવાના વચન અપાયા છે તે તમામ માટે માર્ગ મોકળો કરાશે. મંત્રીમંડળના વિસ્તરણની વાત પર તો હાલ પૂરતી તો મુદત પડી રહી છે અને પેટા ચૂંટણી બાદ મંત્રીમંડળનો વિસ્તાર થશે તેવા આશ્વાસનો અપાયા છે.

**અનલોક-૨ માટે તૈયારીઓ આરંભાઈ**

આગામી ૧લી જુલાઈથી અનલોક-૨ નો અમલ શરૂ થશે ત્યારે નવી ગાઈડલાઈન તૈયાર થઈ રહી છે. ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી રેસ્ટોરન્ટ, જીમ, કોલેજો શરૂ કરવા રૂપરેખા ઘડાઈ રહી છે. જ્યારે બજારો રાતના નવ વાગ્યા સુધી ખુલ્લા રહે અને રાત્રી કરફ્યુ રાત્રે ૧૨ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી અમલી રહે તેવી દરખાસ્ત તૈયાર થઈ રહી છે.

**અને છેલ્લે...**

ગાંધીનગરના આસપાસના બજારોમાં હજુ પણ ૨૫ ટકાથી વધારે વેપાર-ધંધા નહી થતા હોવાની ફરિયાદ વેપારીઆલમમાં ગાજે છે. જેના પગલે અર્થતંત્ર ઉપર ભારે ઝટકો અનુભવાય છે.

# ગ્રામીણ વિસ્તારમાં વધુ ૧૬ કેસ

### સારવાર દરમ્યાન વધુ ૧ નું મોત : ગાંધીનગરમાંથી ૬, કલોલમાંથી ૯ અને માણસામાંથી ૧ કેસ મળી આવ્યો : ગ્રામ્ય વિસ્તારનો મૃત્યુઆંક ૩૪ થયો : તંત્રની ચિંતા વધી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોના પોઝીટીવના વધુ ૧૬ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત કોરોનાની સારવાર દરમ્યાન આજે વધુ ૧ દર્દીનું મોત થવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ૭૨ વર્ષીય વૃદ્ધ રિધમ હોસ્પિટલ કડી ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. કલોલમાં આ સાથે મૃત્યુઆંક વધીને ૧૬ થયો છે. જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૩૪ થઈ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની ટકાવારી વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. તંત્રએ જિલ્લામાં કોરોનાના સંક્રમણને નાથવા માટે અધિકારીઓને પણ ગ્રામીણ વિસ્તારમાં તંત્રની કાર્યવાહીમાં પૂરક થવા માટેની જવાબદારી સોંપી છે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં જનજાગૃતિ વધે તેના પર પણ આ અધિકારીઓ ભાર મુકશે. ગ્રામીણસ્તરે દંડનીય કામગીરી હાથ ધરવા માટે પણ સ્થાનિક પંચાયતોને માર્ગદર્શન આપશે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેનાથી પણ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં જે ૧૬ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૬, કલોલના ૯ અને માણસાના ૧ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે માણસાના પ્રતાપનગર ગામેથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્ર દ્વારા આ મહિલા દર્દી કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ વિગતો મેળવવામાં આવી રહી છે.

કલોલ અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૯ કેસ મળી આવ્યા છે. આજે મળેલા આ ૯ કેસમાંથી બે દર્દી કડી નજીકની ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાથી તેમનો ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે જ્યારે અન્ય સાત દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે છત્રાલમાંથી એક વૃદ્ધ દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત ડીંગુચા ગામેથી એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૪ કેસ કુલ કેસો ૨૦૦ને પાર

### આજે સે. ૫, સે. ૧૬, સે. ૨૫ અને સે. ૨૭ માંથી કેસ મળ્યા : આજે નોંધાયેલ કેસોમાં બે મહિલા અને બે પુરૂષ દર્દી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાંથી કોરોનાના વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૦૧ થઈ છે.

ગાંધીનગર શહેરની વસ્તીના પ્રમાણમાં કેસોની સંખ્યા વધી જતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે તે પણ તંત્ર માટે ચિંતાજનક છે. તંત્ર દ્વારા ગાંધીનગર શહેરમાં કેટલા લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા તેને લઈ મૌન સેવી રહેલ છે. જોકે પહેલાંની જેમ હવે માસ સેમ્પલીંગ પણ કરવામાં આવતુ નથી.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં આજે સે. ૨૫, સે. ૧૬ અને સે. ૨૭, અને સે. ૫ માંથી કેસ મળી આવેલ છે.

સેક્ટર-૨૫માં રહેતા એક લેબર

● અનુસંધાન પાન-૭ પર

# ખ-માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરમાં ગાબડું



### સ્ટાર્મ વોટર લાઇનની ચેમ્બરો વારંવાર તુટી જતા માર્ગ સલામતી જોખમાય છે વરસાદી દિવસોમાં નાગરિકોની દુવિધા દુર કરવા રજુઆત

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરમાં કોર્પોરેશને સ્ટોર્મ વોટર લાઈનના નામે નગરમાં ઠેર ઠેર મોટામસ ગાબડા ઉભા કર્યા છે. જયારે નગરના માર્ગો પર પણ વોટર લાઈનની ચેમ્બરો ફરીથી તુટવાનુ શરૂ થઈ ગયુ છે. જેના લીધે વાહનચાલકો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. શહેરના ખ માર્ગ પર મહાત્મા મંદિર પાસે જ માર્ગ વચાળે મોટુ મસ ગાબડુ અસ્તિત્વમા આવ્યુ છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન નજર નાંખો ત્યાં ભયજનક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન માટે ઠેર ઠેર ખાડાઓ ખોદવામાં આવ્યા હતા જયારે યોગ્ય માટી પુરાણના અભાવે વરસાદ આવતા જ માટી પોલાણ થતા વાહનચાલકો માટે અકસ્માતોનો ભય વધ્યો છે. જયારે નગરના માર્ગો પર પણ સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણો તુટેલા જોવા મળે છે. જેના લીધે ગમે ત્યારે વાહન ચાલકો અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. શહેરના ખ માર્ગ પર ગત દિવસામાં પણ સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બર તુટતા ભયજનક દ્રશ્યો જોવા મળ્યા હતા. જયારે હવે વરસાદી દિવસા શરૂ થઈ ગયા છે. ત્યારે તંત્રએ સર્વે કરી આવી

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩૦માં વીરસાવરકર નગરનુ લોકાર્પણ

### વીર સાવરકરનગરમાં ૬૪ કરોડના ખર્ચે બી કક્ષાના ૩૩૬ આવાસોનુ નિર્માણ કરાયુ : ૧૨ બ્લોકમાં દરેક યુનિટમાં ડ્રોઇંગ રૂમ, બેડરૂમ, સ્ટડી રૂમ અને બાલ્કની સહીતની વ્યવસ્થા : લીફ્ટ, બગીચો, પાર્કીંગ, સી સી રોડ અને કોમન પ્લોટ પણ ઉપલબ્ધ







ગાંધીનગર તા ૨૬

સે-૩૦ માં સ્થિત સરકારી આવાસ યોજનાનુ કામ છેલ્લા ૬ મહીનાથી પુર્ણ થઈ ગયુ હતુ પરંતુ લોકાપર્ણના અભાવે કર્મચારીઓને આવાસ ફાળવવાની પ્રકીયા હાથ ધરવામાં આવી ન હતી. જયારે આજે સે-૩૦ માં નવનિર્મિત વીર સાંવરકર નગરનુ નાયબ મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યુ હતુ.

### શહેરમાં હજુ ૮૪૦ થી વધુ સરકારી આવાસોનુ નિર્માણ કાર્ય ડીસેમ્બરમાં કામ પુર્ણ થશે : નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ

વીર સાવરકર નગરમાં ૧૨ બ્લોકમાં બી કેટેગરીના ૩૩૬ આવાસોનુ નિર્માણ કરાયુ છે. જયારે આ યોજના પાછળ રૂ ૬૪ કરોડનો ખર્ચ કરાયો છે.

શહેરના સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો તૈયાર કરાયા છે.જયારે સે-૭ અને સે-૨૯ માં સ્થિત આવાસ યોજનામાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. જયારે સે-૩૦ માં પણ બી કક્ષાના ૩૩૬ આવાસો છેલ્લા ૬ મહીનાથી તૈયાર હતા. જયારે કોરોનાકાળના લીધે લાંબા સમયથી આવાસોની લોકાર્પણ વિધી પણ અટવાઈ હતી. સે-૩૦ ના આ આવાસોનુ આજે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે લોકાર્પણ કર્યુ હતુ. આ તબક્કે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાંવ્યુ હતુ કે રાજય સરકારના વર્ગ ૧ થી ૪ ના કર્મચારીઓને સુંદર સુવિધાયુકત આવાસો પુરા પાડવા માટે નવા મકાનો તૈયાર કરવામાં આવી રહ્યા છે. સે-૩૦ માં વીર સાવરકર નગરમાં બી કક્ષાના ૩૩૬ મકાનો બાંધવામાં

● અનુસંધાન પાન-૭ પર

## સપ્તાહની મથામણ પછી
# મનપાએ આખરે નવા વિસ્તારોનો ચાર્જ સંભાળ્યો

### ૧૧ અધિકારીઓને આ ગામોની વિવિધ કામગીરી સોંપાઈ : મનપાની રોજીંદી કામગીરી પર વિપરિત અસરો ના પડે તે પણ જોવાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાએ ૮ દિવસ બાદ શહેરમાં ભેળવવામાં આવેલ ૧૮ ગામ અને ૧ નગરપાલિકાનો વિધિવત ચાર્જ સંભાળી લીધો છે અને આ ગામની તપાસ કામગીરી માટે અધિકારીઓને ચાર્જ પણ આપી દેતા હુકમો જારી કર્યા છે.

રાજય સરકારના દબાણ હેઠળ અને સ્ટાફની અછત વચ્ચે મનપાએ આ ગામોના ચાર્જ સંભાળી લીધા છે પરંતુ હજુ આ ગામોના શિક્ષણ અને આરોગ્યની સેવાઓ અંગેના હુકમો બાકી રાખવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે મનપા દ્વારા ચાર્જ સંભાળી લેવાની સાથે પંચાયતી રાજના તંત્રના કર્મયોગીઓ સાથે સુયોગ્ય સંકલનમાં રહી અને હાલની તમામ સેવાઓ ચાલુ રાખવા માટે જણાવાયું છે.

મનપા એ જે ઓર્ડર કર્યા છે તેમાં ૧૧ અધિકારીઓને આ અંગેની જવાબદારી સોંપવામાં આવી છે. નગરપાલિકા અને તમામ ગ્રામપંચાયતોના ઈજનેરી શાખાને લગતા કામોની જવાબદારી સીટી ઈજનેર ભરત પંડયાએ જોવાની રહેશે.

જયારે એ.આઈ. વ્હોરાને નવગામની નાણાંકીય કામગીરીની અને ચીફ ઓડિટર શ્રીમતિ શ્રૃતિબેન ઉપાધ્યાયને નવ ગામની નાણાંકીય કામગીરી જોવાની રહેશે.

પાયલબેન શાહ મેનેજર પર્યાવરણને તમામ ગ્રામ પંચાયત અને નગરપાલિકા વિસ્તારના સોલિડ વેસ્ટ અંગેની બાબતો અંગે તેમજ સંદીપસિંહ ગોહિલ સેનીટેશન સુપ્રિ.ને તમામ ગ્રામપંચાયતો અને નગરપાલિકા વિસ્તારમાં ડોર ટુ ડોર સફાઈ

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણી સપ્ટેમ્બરમાં યોજાવાની શકયતા

ગાંધીનગર,તા.૨૬

તાજેતરમાં જ કોરોનાના સંકટ વચ્ચે રાજ્યસભાની ચૂંટણી યોજવામાં આવી હતી. આ ચૂંટણી બાદ કોંગ્રેસના ૩ જેટલા ધારસભ્યો કોરોનાની ચપેટમાં આવી ચૂક્યા છે. ત્યારે હવે ગુજરાત વિધાનસભાની આઠ ખાલી પડેલી બેઠકોની ચૂંટણી આગામી સપ્ટેમ્બર મહિનામાં વિધાનસભાની પેટાચૂંટણી યોજાઇ શકે છે. રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી યોજવા માટે અલગ અલગ એક્શન પ્લાન પર કામ શરૂ કરી દીધું છે. હાલમાં સપ્ટેમ્બરમાં ચૂંટણી યોજાય તે મુજબ તમામ તૈયારીઓ ચાલી રહી છે. ૧૫ માર્ચે રાજીનામું આપનારા ૪ ધારાસભ્યોની બેઠકો સપ્ટેમ્બર મહિના સુધીમાં ભરવાની રહેશે.

જેના કારણે સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં જ વિધાનસભાની પેટાચૂંટણીઓ યોજાવાની શક્યતા રહેલી છે. આ મુદ્દે કેન્દ્રીય ચૂંટણી પંચનું માર્ગદર્શન પણ માંગવામાં આવ્યું છે તેના કારણે ગુજરાતમાં ચૂંટમી આવી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. માર્ચ મહિનામાં કોંગ્રેસના ૫ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા. જ્યારે જૂન મહિનામાં વધુ ૩ કોંગી ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા. આ ધારાસભ્યોમાં ગઢડાના પ્રવીણભાઈ મારું, લીમડીના સોમાભાઈ પટેલ, અબડાસાના પ્રદ્યુમનસિંહ જાડેજા, ધારીના જે વી કાકડિયા અને ડાંગના મંગળભાઈ ગાવિતનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com